પ્રતિ

ક. જીયુવીએનએલ-ટેક-એચએમએસ-૯૭૯, ૨૭.૪.૧૧

મુખ્ય ઇજનેરશ્રી ( પ્રોજેકટ )

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.

કોર્પોરેટ આફિસ રાજકોટ

વિષય - તત્કાલ યોજના-૨૦૧૦ હેઠળ ખેતી વિષયક વીજ જોડાણ આપવા બાબત.

ઓવર રાઇડીંગ પ્રાયોરીટી મેળવવા ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ સ્વીકારવી.

સંદર્ભ- ૧) જીયુવીએનએલ - ટેક - તત્કાલ યોજના-૨૦૧૦ - ૯૫૭ તા. ૨૧.૪.૧૧

૨) પીજીવીસીએલ-સ્કીમ- તત્કાલ યોજના-૨૦૧૦. ૨૭.૪.૧૧

તત્કાલ યોજનાના અમલીકરણ માટે આપે ઉપરોકત સંદર્ભે કેટલીક સ્પષ્ટતાઓ માંગેલ છે. જે નીચે પ્રમાણે છે.

મુદો-૨) ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ સ્વીકારવા ઇચ્છુકોએ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની પાસે નોંધણી કરાવવાની રહેશે તથા ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીના નોંધણી પત્ર સાથે સદર યોજના માટે સબંધિત સબડીવીઝન માં નોંધણી કરાવવાની રહેશે.

ખુલાસો) જે અરજીઓ તત્કાલ યોજના-૨૦૧૦ અંતર્ગત નોંધાયેલ હોય તેઓએ તેઓની નોંધણી સબંધિત સબડીવીઝન મારફત ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીમાં કરાવવાની રહેશે.

મુદો-૯) જે અરજદારોએ ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ સ્વીકારેલ હોય પણ તેનુ સ્થાપન થયેલ ન હોય અને તેઓની અરજીઓ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની ખાતે પડતર હોય તથા તેઓએ તત્કાલ યોજના-૨૦૧૦ માટે નોંધણી કરાવેલ ન હોય પરંતુ તેઓએ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની પાસે તા. ૩૧.૩.૧૧ પહેલા નોંધણી કરાવેલ હોય તેઓ જો ડાર્કઝોન વિસ્તાર અંતર્ગત આવતા ન હોય તો તેઓ સદર યોજનાનો લાભ મેળવી શકશે.

ખુલાસો)

- હા. જે અરજદારોએ ભૂતકાળમાં MIS-95 અને DIS2007 માટે અરજી કરેલ હોય અને તેઓની અરજી ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીએ સ્થતિત કરેલ હોય કે કોઇ પણ કારણોસર પડતર હોય તો તેવા અરજદારોની અરજીઓ સ્વીકારવામાં આવશે.
- હા. કોઇ પણ કારણસર FPA કાર્યાન્વિત ન થયેલ હોય તે એવી અરજીઓ સ્વીકારવામાં આવશે.
- હા. જે અરજદારો તત્કાલ યોજના-૨૦૧૦ મા અરજી કરેલ ન હોય- તથા તા. ૩૧.૩.૧૧ પહેલા ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની પાસે એમઆઇએસ સ્વીકારવાનુ નોંધ કરાવ્યાનુ પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય- તેઓએ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની નો પત્રસબંધિત સબડીવીઝન મા રજૂ કરવાનો રહેશે.

(ડી આર શાહ)

વિશેષ મુખ્ય ઇજનેર (ટેક)

નકલ રવાના -

મુખ્ય ઇજનેરશ્રી

મધ્ય / દક્ષિણ / ઉત્તર / પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી

કોર્પોરેટ આફિસ - વડોદરા - સુરત - મહેસાણા - રાજકોટ